ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૧ ટકા
ગાંધીનગર તાપમાન

સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં અંતરિયાળ માર્ગો જર્જરીત

મહાનગરપાલિકામાં સમાવેશ થયા પછી પણ પ્રાથમિક સુવિધાઓ પ્રત્યે તંત્ર ઉદાસીન : તુટેલા માર્ગોની દુર્દશાથી રહીશો પરેશાન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સીમાડે ઝડપથી વિકસીત થયેલ સરગાસણના ટીપી-૯ વિસ્તારને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ બની રહી નથી. જેમા આવનજાવનના અંતરિયાળ માર્ગો પણ જર્જરીત થઈ જતા સ્થાનિક રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં તાજેતરમાં જ સમાવેશ થયેલો આ વિસ્તાર વિકાસ ઝંખી રહ્યો છે. ટીપી-૯ જાહેર થયા પછી બનેલા આંતરિક માર્ગોની સમયસર મરામત ન થતાં હાલમાં માર્ગો ઉપર ધુળની ડમરીઓ ઉડી પ્રદુષણ ઉભું થઈ રહ્યું છે.

ગાંધીનગર-અમદાવાદને સાંકળતો વિસ્તાર એટલે સરગાસણ ટીપી-૯ કે જે હાલ ૧૫૦૦૦થી વધુ વસ્તી ધરાવતો થઈ ગયો છે. સરખેજ-ચિલોડા છ માર્ગીય રસ્તો અનેક ઓવરબ્રિજથી સુશોભિત બનશે જેમાં સરગાસણ ચાર રસ્તાનો

પણ સમાવેશ થાય છે ત્યારે આ વિસ્તારની સુખ-સુવિધાઓ પ્રત્યે તંત્ર ઉદાસીન જણાઈ રહ્યું છે. આવન-જાવનના માર્ગો પણ જર્જરીત બની ગયા છે છતાં સમારકામ થતું નથી. અત્યારે આ વિસ્તારમાં અનેક રહેણાંક સ્કીમો બની રહી છે જેમાં દિવસ-રાત્રી દરમિયાન ભાર વાહક વાહનોની અવરજવર ખુબ જ રહે છે અને માર્ગો તુટેલા હોવાથી ધુળનું સામ્રાજય ફેલાય છે.

આ વિસ્તારમાં અનેક ધંધાદારીઓ પોતાનો વ્યવસાય કરી રહ્યા છે પરંતુ માર્ગોની દુર્દશાથી ટ્રાફીકનો પણ જટીલ પ્રશ્ન ઉભો થયો છે. વિસ્તારના રોયલ સર્કલ, સુર્યા સર્કલ, ઉવારસદ જવાનો માર્ગ તેમજ અન્ય આંતરિક માર્ગો જર્જરીત બની ગયા છે જે નવીન બનાવવા અનિવાર્ય બન્યા છે. ટીપી-૯માં નિયમ મુજબની પ્રાથમિક સુવિધાઓ તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવાની હોય છે જેમાં આ વિસ્તારમાં પાર્કિંગની સુવિધા, શાકભાજી માર્કેટ, સરકારી શાળા, સરકારી દવાખાનું, લાયબ્રેરી, ઓપન પાર્ટી પ્લોટ જેવી સુવિધા હજુ સુધી અમલી બની નથી. જેથી સ્થાનિક રહીશોએ ઉત્તમ માર્ગો સાથે તમામ સગવડો મળે તેવી માંગ કરી છે જે આગામી ચુંટણીમાં પણ મુખ્ય મુદ્દો બનવાની સંભાવના છે.

પેથાપુર ચાર રસ્તા પર વીર યોદ્ધા મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ કરાયું

ગાંધીનગર, તા.૧૯

પેથાપુર ખાતે ગાંધીનગરના મેયર રીટા પટેલ દ્વારા પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ, ગાંધીનગર મનપા ઈલેક્શનના ઈન્ચાર્જશ્રી અમિત ઠાકર, સંગઠનના પ્રમુખશ્રી ઋચિર ભટ્ટની ઉપસ્થિતિમાં પેથાપુર ચાર રસ્તા પર વીર યોદ્ધા મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, શહેર ભાજપના મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગોરાંગભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પુર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, રાજપુત સમાજના અગ્રણીશ્રીઓ સહિત સિનિયર આગેવાનો, કાર્યકર્તાઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

ખ-૭ પાસે મહિલાના ગળામાંથી સોનાના મંગળસુત્રની ચીલઝડપ

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં ચેઈન સ્નેચીંગ કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર શહેરમાં ગ-૭ થી ખ-૭ તરફ જતા માર્ગ પર સોનાના મંગળસુત્રી ચીલઝડપ થવા પામી છે. હોટલમાં ભોજન કરીને દંપતિ ઘર તરફ જઈ રહ્યું હતું તે સમયે ઘટના બની હતી. એકટીવા લઈને દંપતિએ આરોપીનો પીછો કર્યો હતો. પરંતુ ફુલ સ્પીડે બાઈક હંકારી આરોપી અંધકારમાં ગાયબ થઈ ગયો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજ મેળવી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૪ પ્લોટ નં.૧૨-૧ ખાતે રહેતા દેવાંગ જયેશભાઈ જાની(ઉં.૨૭) અમદાવાદ ખાતે સોફટવેર એન્જિનયર તરીકે નોકરી કરે છે. ગુરુવારના રોજ દેવાંગ તેના પત્નિ પૂજાબેન સાથે સેકટર-૧૬ ખાતે હોટલમાં જમવા માટે ગયા હતા. જમીને રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં તેઓ ગ-૭ થી ખ-૭ તરફ જઈ રહ્યા હતા તે સમયે તેમની પાસે એક યામાહા એફઝેડ બાઈક લઈને અજાણ્યો શખ્સ આવ્યો હતો. આ શખ્સે પુજાબેનના ગળામાં પહેરેલું મંગળસુત્ર તે કંઈ સમજે તે પહેલા જ તોડી લઈ બાઈક દોડાવ્યું હતું. જેને પગલે દેવાંગે પોતાનું એકટીવા બાઈક ની પાછળ જવા દીધુ હતુ. જો કે બાઈક ચાલકે ખ-૭ સર્કલ થી યુર્ટન મારીને પ્રેસ સર્કલ તરફ ગયો હતો. ધુમ સ્પીડે બાઈક ચલાવતા આરોપી અંધારામાં અદ્રશ્ય થઈ ગયો હતો. જેને પગલે દંપતિ સીધા જ સેકટર-૨૧ પોલીસ મથકે ગયા હતા. જયાં દેવાંગ શાહે જી.જે.૩૧.જે.-૩૧૦૦ નંબરના બાઈક ચાલક સામે રૂ.૬૦ હજારના મહારાષ્ટ્રભાત વાળા સવા તોલાના મંગળસુત્ર તોડી લઈ જતા ગુનો નોંધાયો હતો. લાલ શર્ટ પહેરીને આવેલા ચેઈન સ્નેચર ને પકડી પાડવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે.

'હિંદી વ્યૂત્પત્તિ કોશ' ની મુખ્ય સંપાદકીય સમિતિમાં ડૉ. કનૈયાલાલ ભટ્ટની વરણી

ગાંધીનગર, તા.૧૯

ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય વિભાગના કેન્દ્રીય હિંદી નિદેશાલય – નવી દિલ્હી દ્વારા છેલ્લા ત્રણેક વર્ષથી 'હિંદી વ્યૂત્પત્તિ કોશ' નું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું. જેમાં વિભાગ દ્વારા હિંદી અને સંસ્કૃત ભાષાના વિદ્વાનોની એક 'નિર્માણ સમિતિ' બનાવવામાં આવી હતી જેમાં ગાંધીનગરના ડૉ. કનૈયાલાલ ભટ્ટ નિયુક્ત થયા હતા. અને આ સમિતિએ હિંદીભાષાના લગભગ સીતેર હજાર જેટલા શબ્દોની વ્યૂત્પત્તિ શોધીને સમગ્ર કોશનું નિર્માણકાર્ય પૂર્ણ કર્યું હતું. ત્યાર બાદ આ 'હિંદી વ્યૂત્પત્તિ કોશ' નિર્માણની દ્વિતીય ચરણની મુખ્ય સંપાદકીય સમિતિ બનાવવામાં આવી હતી જેમાં ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટની પસંદગી કરવામાં આવી હતી. આ મુખ્ય સંપાદકીય સમિતિમાં ડૉ. ભટ્ટ ઉપરાંત પ્રો. ત્રિભુવનનાથ શુકલ (જબલપુર-ભોપાલ) પ્રો. એસ.એ.રહેમાન (જે.એન.યુ. દિલ્હી) ડૉ. ભાષ્કરાનંદ પાંડે, ડૉ. નિલામ્બર પાંડે, ડૉ. દિનેશચન્દ્ર દીક્ષિત, ડૉ. નોદનાથ મિશ્ર (દિલ્હી) તથા ડૉ. ભારત ભુષણ શર્મા (જમ્મુ)ની પસંદગી થઈ છે.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબની જનરલ બેઠકમાં સેવાકીય ઉદ્દેશો સંબંધિત નિર્ણયો લેવાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ની બોર્ડ તથા જનરલ મિટીંગ સંસ્થાના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં સંસ્થાના નેશનલ ચેર પર્સન આશાબેન પંડયા તથા નેશનલ ચીફ પેટ્રન હિતેશભાઈ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સેવાકીય ઉદ્દેશો અંગે ચર્ચા કરીને નાના બાળકો માટે રમતગમતના સાધનો વસાવવા ફિઝીયોથેરાપી માટેના સાધનો વસાવી ફિઝીયોથેરાપી સેન્ટર શરૂ કરવા, જરૂરિયાતમંદવર્ગના બાળકો માટે વિના મુલ્યે શિક્ષણ અભિયાન શરૂ કરવા તથા ભારતીય સંસ્કૃતિ અનુસાર સાહિત્ય તથા સંગીતના સાધનો વસાવી તે અંગે કાર્યક્રમો યોજવા નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં બોર્ડ મેમ્બર્સ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે શેઠ સી.એમ. હાઈસ્કૂલની પસંદગી

ગાંધીનગર, તા.૧૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ-૨૦૨૧ માટે ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ અને રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ)નું રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરતા કડી સર્વ વિદ્યાલય પરીવાર તેમજ શેઠ સી. એમ. શાળા પરિવાર ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે.

શેઠ સી. એમ. શાળામાં અત્યાર સુધીમાં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ તબીબી ક્ષેત્રે ઉજ્જ્વળ કારકીર્દી ઘડી ચૂક્યા છે. તદ્ઉપરાંત એન્જિનિયરીંગ અને યુપીએસસી તેમજ જીપીએસસીમાં પણ ઉચ્ચતમ તકો પ્રાપ્ત કરી શેઠ સી. એમ. હાઈસ્કૂલનું નામ રોશન કર્યું છે. આ શાળાએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વૈજ્ઞાનિક અને રમતવીર પણ શાળાને આપ્યા છે. ધોરણ-૧૦ અને ૧૨માં બોર્ડ ટોપર્સ, હંમેશા ઊંચી ટકાવારીથી શાળાનું સમગ્ર પરીણામ હાંસલ કરવામાં અવ્વલ નંબર પર રહી છે. આજના જેઈઈ અને નીટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ શાળા પ્રતિવર્ષ ઉત્કૃષ્ટ દેખાવ કરે છે. આ પ્રસંગે શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ તેમજ મંડળના અન્ય હોદ્દેદારો દ્વારા શાળાના આચાર્ય ડૉ. ચેતના અરૂણ બુચ તેમજ સમગ્ર શાળા પરિવારને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે. શાળાના સર્વશ્રી ડૉ. ચેતના અરુણ બુચ, શ્રી બી. એ. પટેલ, શ્રી મુકેશભાઈ એમ. પટેલ, શ્રી કનુભાઈ પટેલનું વિશેષ યોગદાન રહ્યું છે.

દરેક વ્યક્તિ આજે મહીસાગરના માસુમ ધૈર્યરાજસિંહને બચાવી લેવા ચિંતા કરી રહી છે. ગાંધીનગરની સ્વપ્નવીલા-૩ સોસાયટીના સભ્યોએ પણ 'ફુલ નહીં તો ફુલની પાંખડી' સ્વરૂપે રૂ. ૬૭૦૦ નો ફાળો એકત્ર કરી તેનું ઓનલાઈન પેમેન્ટ કરવામાં આવ્યું હતું.

પાલજની સુપ્રસિદ્ધ હોળીનો મેળો બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧૯

પાલજના મહાકાળી મંદિરે પ્રગટાવવામાં આવતી હોળી ખૂબ જ સુપ્રસિદ્ધ છે. હોળીના દિવસે અહીં મેળો પણ યોજાય છે.

પાલજના મહાકાળી મંદિરે પ્રગટાવવામાં આવતી હોળી ખૂબ જ સુપ્રસિદ્ધ છે. હોળીના દિવસે અહીં મેળો પણ યોજાય છે. જો કે આ વર્ષે હોળીનો કાર્યક્રમ કોરોનાના કારણે નહી યોજવાનો આયોજકોએ નિર્ણય કર્યો છે.

પાલજ મહાકાળી માતાજીના મંદિરે ફાગણ સુદ પુનમને હોળી પ્રગટાવવામાં આવે છે અને માતાજીનો મેળો હોય છે, જેમાં મોટી સંખ્યામાં ભાવીભક્તો દર્શનાર્થે આવતા હોય છે તેમજ આજુબાજુના ગામમાંથી પણ મોટી સંખ્યામાં ખુબ ભક્તો આવતા હોય છે, પરંતુ આ વર્ષે તા. ૨૮-૩-૨૦૨૧ને રવિવારના રોજ હોળી હોવાથી સરકારશ્રીની કોવીડ-૧૯ની ગાઈડલાઈન મુજબ વધુ સંખ્યામાં લોકો ભેગા ન થાય તેમજ કોરોનાની ગંભીર બીમારી વધુ ન ફેલાય તે માટે હોળીનો મેળો બંધ રાખવા માટે શ્રી પાલજ મહાકાળી માતા ટ્રસ્ટ દ્વારા નિર્ણય કર્યો છે.

ઉનાળો શરૂ થતાં જ પાણીની જરૂરીયાત વધતી જાય છે. પાણીની પરબનો પ્રારંભ પણ ઠેર ઠેર થયો છે. કાળઝાળ ગરમીમાં માટલાનું પાણી અદભૂત ઠંડક આપે છે. કોર્ટની બહાર ઠંડા પાણીનું માટલું મુકી પરબ શરુ કરવામાં આવી છે.

સરકારી વિજ્ઞાન કોલેજમાં વિદ્યાર્થીઓમાં વિવિધ કુશળતા વિકસાવવા તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સે. ૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વિદ્યાર્થીઓમાં લાઈફ સ્કીલ, રોજગાર કૌશલ્ય તથા અંગ્રેજીની મૂળભૂત કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી સરકારી વિજ્ઞાન કોલેજ, સે. ૧૫, ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પ અંતર્ગત ૮૦ કલાકની તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ તાલીમનું આયોજન કુલ ચાર તબક્કામાં કરવામાં આવ્યુ. જેમાંથી પ્રથમ અને દ્વિતીય તબક્કામાં ડૉ. દીશા પોપટ અને ડૉ. આંચલ ઝા દ્વારા વિદ્યાર્થીઓને તા. ૧૮-૧-૨૧ થી ૨૭-૧-૨૧ સુધી ઓનલાઈન તાલીમ આપવામાં આવી હતી. તથા તૃતીય અને ચતુર્થ તબક્કાની ઓફલાઈન તાલીમ સુદીપ ફર્નાડીસ તથા માએલીંગ બિલ્પોડીવાલા દ્વારા તા. ૫-૩-૨૧ થી તા. ૧૪-૩-૨૧ સુધી આપવામાં આવી હતી. આ તાલીમના સમાપન સમારોહમા સંસ્થાના આચાર્યએ વિદ્યાર્થીઓને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી તથા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તાલીમના સમાપન સમારોહમાં વિદ્યાર્થીઓને તેઓના તાલીમ અંગેના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમનું આયોજન ફિનિશિંગ સ્કૂલના કોર્ડિનેટર ડૉ. યોગીતા પરમાર તથા તેમની ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

'સ્માર્ટ' પાટનગરમાં પાણી-ગટર વેરો ઓનલાઈન ભરવાની સુવિધા જરૂરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં એક તરફ કોરોના સંક્રમણના કેસો વધી રહ્યા છે અને બીજી તરફ વસાહતીઓને પાણી તથા ગટર વેરો ભરવાની નોટીસો આવી છે. આ વેરા તા. ૩૧મીમાર્ચ સુધીમાં ભરી દેવાના હોવાથી સેકટરની ઈન્કવાયરી કચેરીએ રૂબરૂ જઈને વેરા ભરવા પડશે જેના કારણે કોરોના સંક્રમણનો ડર વસાહતીઓને સતાવી રહ્યો છે.

વડાપ્રધાન દ્વારા ડિજીટલ ઈન્ડિયા અંતર્ગત દેશભરમાં આર્થિક વ્યવહારો 'ઓનલાઈન' થાય તે માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે જેથી કાળા નાણાંને સમાપ્ત કરી શકાય. પણ સ્માર્ટ સીટી બનવા થનગની રહેલા પાટનગરમાં પાણી-ગટર વેરા જેવી આવશ્યક સેવાઓ ઓનલાઈન ભરવાની સુવિધા ઉપલબ્ધ નથી. જેથી અનેક સિનિયર સિટીઝન્સને કોરોનાના સંક્રમણનો ચેપ લાગવાનું જોખમ લઈને પણ વેરો ભરવા રૂબરૂ જવું પડી રહ્યું છે. વળી ઉનાળાનો પ્રારંભ થઈ ચુકયો હોવાથી અસહય ગરમી પણ સહન કરવી તેમના માટે મુશ્કેલીરૂપ હોય છે. વળી કોરોના ગાઈડલાઈનના પાલન માટે સામાન્ય નાગરિકોથી માંડીને વહીવટી કર્મચારીઓમાં પણ ઉદાસીનતા જોવા મળે છે. આ સ્થતિમાં વેરો ભરવા માટે ઓનલાઈન સુવિધા આશીર્વાદ રૂપ બની શકે છે અને તેમ ના થઈ શકે તેમ હોય ત્યાં સુધી વેર ભરવાની મુદતમાં વધારો કરી આપવો જોઈએ તેવી નાગરિકોમાં માંગ પ્રવર્તી રહી છે. આ બાબતે રસિક કટારા નામના અગ્રણીએ માર્ગ અને મકાન મંત્રીને રજૂઆત કરી છે.

શહેર વસાહત મહામંડળે પક્ષી પરબનું નિઃશુલ્ક વિતરણ શરૂ કર્યુ

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં ઉનાળાનો પ્રારંભ થઈ ચુક્યો છે અને પ્રારંભિક દિવસોથી જ ઉનાળો આકરા સ્વરૂપના એંધાણ આપી રહ્યો છે તેથી આગામી ત્રણ-ચાર મહિનાઓમાં કાળઝાળ ગરમીના અગનગોળા આભેથી વરસવાની ભીતિ સ્પષ્ટ અનુભવાઈ રહી છે. આ સંજોગોમાં માનવી તો પોતાની વ્યવસ્થા કરી લેશે પરંતુ અબોલ પક્ષીઓ પાણી વિના તરસે ટળવળીને કમોતને ના ભેટે તે હેતુથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પક્ષી પરબનું નિઃશુલ્ક વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વસાહત મહામંડળ દ્વારા આ સેવા પ્રવૃત્તિ વર્ષ ૧૯૯૧થી અવિરતપણે દર ઉનાળામાં હાથ ધરવામાં આવે છે જેમાં ૧ હજાર પક્ષી પરબનું વિનામૂલ્યે વિતરણ કરાય છે જેના થકી શહેરની વનરાજીમાં વસતી પક્ષીઓની ૧૩૪ પ્રકારની પ્રજાતિઓને બળબળતા બપોરે પાણી પ્રાપ્ત થઈ રહે છે.

વિનામૂલ્યે પક્ષી પરબ મેળવવાના કેન્દ્રો

અરૂણ બુચ	પ્લોટ નં. ૨૨૦, સે. ૨૦
મયુર વ્યાસ	પ્લોટ નં. ૧૨૬૦/૧, સે. ૭-ડી
શશીકાંત મોઢા	પ્લોટ નં. ૨૪૮/૧, સે. ૪-એ
આર.જે. ધામેચા	પ્લોટ નં. ૧૨૨૦/૨, સે. ૪-સી
નિલેન્દુ વોરા	પ્લોટ નં. ૪૪૫/૧, સે. ૫-એ
ભાનુભાઈ દવે	પ્લોટ નં. ૯૩૦/૧, સે. ૨-સી
પ્રદિપ સોલંકી	બી.૨૦૨, જયયોગેશ્વર સોસાયટી, કુડાસણ
અંજનાબેન રાઠોડ	બ્લોક નં. ૧, સ્ટેન્ડ એપાર્ટમેન્ટ, ઈન્ફોસીટી
નિરાલી ધનંજય જોષી	પ્લોટ નં. ૪૬૧, સે. ૩-સી
નિસગ્ર દર્પણ બુચ	મયુર એપાર્ટમેન્ટ, સે. ૨૮
કિશોર જીકાદરા	૧૪૨, સર્વોદનયનગર, સે. ૩૦

જન્મદિને વધામણી

શ્રીકેત ત્રિવેદી
મો. ૭૦૧૬૯ ૨૫૬૦૩
જોઈન્ટ સેક્રેટરી
ભારતીય છાત્ર પરિષદ

દરજી નિષ્ઠા સચિનભાઈ
મો. ૯૮૨૪૬ ૯૧૬૨૬

સી.કે. સોની
સેક્રેટરી વસાહત મહાસંઘ

રાહી દેસાઈ

રિષિ કડીકર

પટેલ યશ કમલેશભાઈ
મો. ૮૮૬૬૦ ૩૮૪૪૪

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દેસાઈ કુસુમબેન ભાનુપ્રસાદ
  ઉ.વ. ૮૧, સેકટર-૨૫
- સ્વ. મિસ્ત્રી ગુણવંતીબેન કાળીદાસ
  ઉ.વ. ૫૯, રાંધેજા
- સ્વ. રાઠોડ ગજરાબેન પ્રતાપસિંહ
  ઉ.વ. ૮૦, પાલજ નવાગામ
- સ્વ. ઠાકર વિરબાલા મહેન્દ્ર
  ઉ.વ. ૮૨, સેકટર-૩૦

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. શર્મા કેશરીદેવી દોલતરામ
  ઉ.વ. ૯૩, કુડાસણ